City Happening

**શ્રીમતી અંજલિ રૂપાણીએ દિવ્યાંગોને સરકારી યોજનાઓ અંગેની જાણકારી આપી**

# EDII ખાતે દિવ્યાંગજનોનાં સશક્તિકરણ માટેનો વર્કશોપ યોજાયો






દિવ્યાંગજનોના અધિકારો અને તેઓના કલ્યાણ માટે દર વર્ષે ત્રીજી ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ ઉજવણી સ્વરૂપે ઈડીઆઈઆઈ દિવ્યાંગજનો માટે ખાસ વર્કશોપનું આયોજન કર્યુ. જેના ભાગરૂપે સમાજ સુરક્ષા વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર અને ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન, અમદાવાદએ દિવ્યાંગજનોના સશક્તીકરણ અર્થે એક વર્કશોપનું આયોજન કર્યુ હતું. આ પ્રસંગે શ્રીમતી અંજલિ રૂપાણી, સામાજિક આગેવાન મુખ્ય અતિથિ તરીકે તેમજ શ્રી મનોજ અગ્રવાલ, અગ્ર સચિવ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી જી.એન નાચિયા, નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગુજરાત સરકાર પણ આ

ગુજરાત સરકાર પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ વર્કશોપમાં દિવ્યાંગજનો માટેની તકો અને કરિયરની વાત કરી હતી. આ મહેમાનોએ દિવ્યાંગોને સરકાર દ્વારા દિવ્યાંગજનોના સશક્તીકરણ માટેની યોજનાઓ તેમજ આપવામાં આવતી વિવિધ સુવિધાઓ વિશે માહિતગાર કર્યા હતા.